# સમગ્ર દક્ષિણ ગુજરાતમાં અનરાધાર વરસાદ

## અનરાધાર વરસાદ બન્યો આફતરૂપ, તો ઘણા વિસ્તારોમાં પાણી જ પાણી : સુરતના મોટાભાગના વિસ્તારમાં પાણી ભરાયા





અમદાવાદ, તા.૨૮

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. જો કે અનરાધાર વરસાદે સુરતના શહેરીજનોની મુશ્કેલી વધારીછે. સુરતમાં ભારે વરસાદે મનપાની પોલ ખોલી દીધી છે. પાંડેસરા વિસ્તારમાં રોડ બેસી જતા વાહન ચાલકો હાલાકી ભોગવી રહ્યાં છે. આ વિસ્તારમાં રોડ બેસી જતાં નોવા કોમ્પ્લેક્સ પાસે રોડ બેસી જતા ટેમ્પો ફસાઇ હતો. સુરતના મોટાભાગના વિસ્તારમાં ઘૂંટણસમા પાણી ભરાયા છે. કામરેજ ચાર રસ્તા પર ભરાયા ઘુંટણસમા પાણી ભરાયા છે. હાઈવે પરના સર્વિસ રોડ પર ભરાયા પણ વરસાદી પાણી ભરાતા વાહન ચાલકોને હાલાકી ભોગવી રહ્યાં છે. સુરતના મોટાભાગના વિસ્તારમાં પાણી ભારાતા મનપાની પ્રિમોનસૂન કામગીરીની પોલ ખુલ્લી ગઈ છે. કરોડોના ખર્ચે નાંખેલી ગટર લાઈનની કામગીરી પર પણ સવાલ ઉઠી રહ્યાં છે. પાંડેસરા, ઉધના દરવાજા વિસ્તારમાં પણ ઘૂંટણસમા પાણી ભરાયા છે. દક્ષેશ્વર મંદિર વિસ્તાર,જુની સબ જેલ વિસ્તાર પાણી પાણી થઈ જતાં ઓફિસે જતા નાગરિકોને હાલાકી પડી રહી છે.મંગળવારે રાત્રે વરસેલા વરસાદે સુરત મનપાના પ્રિમોનસૂન પ્લાનની પોલ ખોલી દીધી છે. અહીં લીબાયત વિસ્તારો વરસાદી પાણી ભરાતા જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. લીંબાયત મીઠીખાડીમાં ઘુંટણ સુધીના પાણી ભારાયા છે. કડોદરા ચોકડી નજીકના નીચાણવાળા વિસ્તારો જળમગ્ન થયા છે. ચામુંડા હોટલ, આસપાસની દુકાનોમાં પાણી ભરાઈ જતાં વેપારીઓની પણ મુશ્કેલીમાં વધારો થયો છે. વલસાડ જિલ્લામાં સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે. કૈલાશ રોડ, તિથલ રોડ વિસ્તારમાં વરસાદ વરસી રહ્યો છે. વલસાડના માર્કેટ વિસ્તારમાં પણ ભારે વરસાદના કારણે પાણી ભરાયા છે. તાપી જિલ્લામાં પણ વાદળછાયા વાતાવરણ વચ્ચે મેઘરાજાએ એન્ટ્રી કરી છે. વ્યારા, વાલોડ સહિતના વિસ્તારોમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે.છેલ્લા ૨૪ કલાકમાં તાપીના વાલોડમાં પોણા પાંચ ઈંચ અને તાપીના વ્યારામાં ચાર ઈંચ વરસાદ પડ્યો છે. ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો ૧૫.૦૧ ટકા વરસાદ વરસ્યો છે. કચ્છ જિલ્લામાં સૌથી વધુ ૬૯.૪૭ ટકા વરસાદ વરસ્યો પડ્યો છે. ઉત્તર ગુજરાતમાં ૨૦.૯૩ ટકા અને સૌરાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૨૧.૭૩ ટકા વરસાદ વરસ્યો છે. રાજ્યના ભારે વરસાદના કારણે ૬ ડેમ એલર્ટ પર છે

## ધનસુરા તાલુકાના કનાલ ખાતે વીજળી પડતાં ૩૪ ઘેટાં-બકરાંના મોત



તલોદ તા ૨૮

ધનસુરા તાલુકાના કનાલ ખાતે વીજળી પડતાં ૩૪ ઘેટાં બકરાં ના કરુણ મોત નિપજવા પામ્યા હોવાનું જાણવા મળે છે

આ અંગે મળતી માહિતી મુજબ ધનસુરા તાલુકાના કનાલ ગામે વસવાટ કરતા ભરવાડ સમાજ ના એક જ વ્યક્તિ ઘેટાં બકરાં ચરાવવા માટે ગયા હતા તે દરમિયાન ભારે પવન સાથે વરસાદ ચાલુ થયો હતો વરસાદ ની સાથે વીજળી પડતાં ૧૬ બકરી અને ૧૮ ઘેટી નું સ્થળ પર જ મોત નીપજતાં ભરવાડ કુટુંબને ભારે નુક્શાન વેઠવું પડયું છે

## ઉત્તર-મધ્ય ગુજરાતમાં મેઘરાજાની તોફાની બેટિંગ, બારડોલીમાં ૬ ઈંચથી વધુ વરસાદ

### અમદાવાદમાં વાદળછાયુ વાતાવરણ : છૂટોછવાયો વરસાદ

અમદાવાદ, તા.૨૮

ગુજરાતમાં ચોમાસાનું સત્તાવાર રીતે આગમન થઈ ગયું છે. રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદે માઝા મૂકી છે. ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી છે. ખાસ કરીને બારડોલીમાં વરસાદે ધબધબાટી બોલાવી હતી અને અહીં છ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. બીજી તરફ, હવામાન વિભાગની આગાહી છે કે, રાજ્યમાં આગામી ચાર દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદ પડશે. હાલ સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલ છવાયેલો છે. ત્યારે અમદાવાદ સહિતના અનેક વિસ્તારોમાં વરસાદ તૂટી પડ્યો હતો. એટલું જ નહીં સૌરાષ્ટ્રના પણ કેટલાંક વિસ્તારોમાં મેઘરાજા મહેરબાન થયા છે. ડાંગ જિલ્લામાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. સુરતના મહુવામાં ૫.૬ ઈંચ અને વાલોડમાં ૪.૫ ઈંચ વરસાદ નોંધાયો છે.

સમગ્ર ગુજરાતમાં ચોમાસાની સિઝન જામી છે. રાજ્યના અનેક વિસ્તારોમાં છૂટોછવાયો, હળવો અને અતિભારે વરસાદ પડી રહ્યો છે. બીજી તરફ, હવામાન વિભાગે પણ આગામી ચાર દિવસ સુધી રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. ત્યારે ઉત્તર અને મધ્ય ગુજરાતને પણ વરસાદે ઘમરોળ્યું છે.

## 'નેનો યુરીયા' નાઈટ્રોજન ખાતર ઉત્પાદનમાં ભારત આત્મનિર્ભરતા બનશે



ગાંધીનગર, તા. ૨૮

ગીફટસીટી, ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ સમારંભમાં ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ્સ લિમિટેડ (જીએનએફસી) દ્વારા પરંપરાગત યુરિયાના વિકલ્પ તરીકે છોડને નાઈટ્રોજન પ્રદાન કરવા માટે નેનો યુરિયા પ્રવાહી લોન્ચ કરવામાં આવ્યું.

નર્મદા નેનો યુરિયાનાં આ લોન્ચિંગ પ્રસંગે આણંદના સંસદસભ્ય મિતેષભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. જીએનએફસીના ચેરમેન વિપુલ મિત્રા, એમડી પંકજ જોશી, કૃષિ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ એ.કે. રાકેશ, ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના એમડી ડી.એચ. શાહ સહિત અન્ય મહાનુભાવો તથા જીએનએફસી સાથે સંકળાયેલ વિવિધ સંસ્થાઓના અધિકારીઓ, વિક્રેતાબંધુઓ અને પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

અધ્યક્ષસ્થાનેથી બોલતા મંત્રીએ જણાવ્યું કે દેશનો વાર્ષિક કુલ યુરિયા વપરાશ ૩૫૦ લાખ મે. ટન છે. ૮૦ થી ૯૦ લાખ મે. ટન જેટલી યુરિયાની આયાત કરવામાં આવે છે. રૂ. ૨૬૬ની ૪૫ કિલોની થેલી ભારત સરકારને રૂ. ૨૦૦૦-૨૨૦૦ની પડતર થાય છે. દરેક કંપનીવાઈઝ તેની ઉત્પાદન કિંમત મુજબ વધારાની સબસીડી ભારત સરકાર દ્વારા ચુકવવામાં આવે છે. માટેજ 'વન નેશન વન ફર્ટીલાઈઝર' યોજના હેઠળ બધા સબસીડી મુક્ત ખાતરો 'ભારત' બ્રાન્ડ હેઠળ વેચાણ શરૂ કરવામાં આવ્યું છે.

'નર્મદા' નેનો યુરિયા લિક્વિડ પરંપરાગત યુરિયાને બદલવા માટે વિકસાવવામાં આવ્યું છે અને તે યુરિયાની જરૂરિયાતને ૬૦ ટકા સુધી ઘટાડી શકે છે. તેની ૫૦૦ મિલીલીટરની બોટલનો નાઈટ્રોજન જે પરંપરાગત યુરિયાની એક થેલી દ્વારા પૂરો પાડવામાં આવતા નાઈટ્રોજન પોષકતત્વનાં અસરની સમકક્ષ છે.

## ડુંગળી પકવતા ખેડૂતો માટે સરકારની મહત્વની જાહેરાત

### રાહત આપવા સરકારે લાલ ડુંગળી પકવતા ખેડૂતોને આપવામાં આવતી સહાયનો સમયગાળો લંબાવ્યો છે

ગાંધીનગર, તા.૨૮

રાજ્યમાં ડુંગળીની ખેતી કરતા ખેડૂતો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારે મોટી જાહેરાત કરી છે. રાજ્ય સરકારે લાલ ડુંગળી પકવતા અને તેનું સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓની એ.પી.એમ.સી.માં વેચાણ કરતા ખેડૂતોને પ્રતિ કિલો બે રૂપિયાની આર્થિક સહાય કરવાનો ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો હતો.આ પેકેજનો વધુને વધુ ખેડૂતો લાભ લઈ શકે એ માટે પેકેજનો સમયગાળો લંબાવવાનો રાજય સરકારે વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે.

આ અંગે કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યુ કે, આ સહાય પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતોએ તા. ૧૪ ફેબ્રુઆરીથી ૦૬ માર્ચ, ૨૦૨૩ સુધીના સમયગાળામાં પોતાના ખેતરમાં ઉત્પાદિત થયેલી લાલ ડુંગળીનું એ.પી.એમ.સી.માં વેચાણ કર્યું હોય તેવા ખેડૂતોને જ આ લાભ મળવાપાત્ર રહેશે, તેમ જાહેર કરાયું હતું.

આ બાબતે વિવિધ ખેડૂત સંગઠનો દ્વારા કરાયેલી માંગણીને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા સમયગાળાની મર્યાદાને વધારીને હવે તા.૧૪/૦૨/૨૦૨૩ થી તા. ૩૧/૦૫/૨૦૨૩ સુધી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.

તેમણે ઉમેર્યુ કે, આ નિર્ણયના પરિણામે આ સમયગાળા દરમિયાન પોતાના ખેતરમાંથી ઉત્પાદિત થયેલી લાલ ડુંગળી ખેતરથી એ.પી.એમ.સી.માં જ વેચાણ કરી હોય તેવા અન્ય ખેડૂતોને પણ આવરી લેવામાં આવશે. નવા સમયગાળામાં આવરી લેવાયેલા ખેડૂતો આઈ-ખેડૂત પોર્ટલ (https://ikhedut.gujarat.gov.in/) ઉપર ઓનલાઈન અરજી કરી શકે તે માટે પોર્ટલ આગામી તા. ૨૬/૦૭/૨૦૨૩ સુધી ખુલ્લુ મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

## ધો-૧૦માં નાપાસ વિદ્યાર્થીઓ પુનઃપ્રવેશ સ્કૂલમાં લઈ શકશે

### શિક્ષણ બોર્ડનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો : આ વિદ્યાર્થીએ પરીક્ષા રિપીટર તરીકે આપવાની રહેશે

અમદાવાદ, તા.૨૮

ધોરણ ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર સામે આવ્યા છે. અત્યાર સુધી ધોરણ ૧૦માં નાપાસ થનાર વિદ્યાર્થીઓ સ્કૂલમાં પ્રવેશ મેળવી શક્તા નહીં અને તે ક્લાસિસ કે જાતે તૈયારી કરીને નાપાસ થયેલા વિષયોની પરીક્ષા આપતા હતા. પરંતુ હવે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ ૧૯૭૪માં ફેરફાર કરાયો છે. હવે ધોરણ ૧૦માં નાપાસ થનાર વિદ્યાર્થીઓ એક વર્ષ માટે નિયમિત વિદ્યાર્થી તરીકે પુનઃ પ્રવેશ મેળવી શકશે.

ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષામાં નાપાસ થયા બાદ વિદ્યાર્થી એક વર્ષ માટે નિયમિત વિદ્યાર્થી તરીકે પુનઃ પ્રવેશ મેળવી શકશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ ૧૯૭૪માં ફેરફાર કરાયો. વિદ્યાર્થીએ ધોરણ ૧૦ની જે શાળામાંથી નિયમિત વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપી હશે તે જ શાળામાંથી પુનઃ પ્રવેશ મેળવવાનો રહેશે. અન્ય કોઈપણ શાળામાં વિદ્યાર્થી પુનઃ પ્રવેશ મેળવી શકશે નહીં

વિદ્યાર્થી જે વર્ષમાં નાપાસ થયો હોય તે પછીના તરત જ એક શૈક્ષણિક વર્ષ પૂરતું જિલ્લા શિક્ષણાધિકારીની પૂર્વ પરવાનગી મેળવીને શાળામાં નિયમિત વિદ્યાર્થી તરીકે પુનઃ પ્રવેશ આપી શકાશે. પુનઃ પ્રવેશ આપેલ વિદ્યાર્થી માટે ગ્રાન્ટ તેમજ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટે વિદ્યાર્થી સંખ્યા ગણતરીમાં લેવાશે નહીં. પુનઃ પ્રવેશ આપેલા વિદ્યાર્થીઓના ધોરણ ૧૦ની જાહેર પરીક્ષાના આવેદન પત્ર રિપીટર વિદ્યાર્થી તરીકે જ ભરવાના રહેશે.

અગાઉ નિયમમાં બદલાવ કરીને શિક્ષણ વિભાગે ધોરણ ૧૦માં નાપાસ વિદ્યાર્થી ફરી સ્કૂલમાં પ્રવેશ ના લઈ શકે તેવો નિર્ણય કર્યો હતો, જેમાં શાળા સંચાલક મહામંડળની રજૂઆત બાદ નિર્ણયમાં ફેરફાર કરાયો.

જોકે ઉપરોક્ત પરિપત્ર બાદ ગુજરાત રાજય શાળા સંચાલક મહામંડળ દ્વારા નારાજગી દર્શાવવામાં આવી છે. વિદ્યાર્થીને નિયમિત તરીકે એક વર્ષ પૂરતો અભ્યાસ કરાવવા છતાં પણ ફોર્મ રિપીટર તરીકે ભરવા અંગે નારાજગી દર્શાવી છે.

## બનાસકાંઠાના થરા પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં ૩નાં મોત

### મૃતકોમાં પતિ-પત્ની અને બાળક, પોલીસ તપાસ શરૂ

બનાસકાંઠા, તા.૨૮

થરા નેશનલ હાઈવે પાસે કાર અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. મંગળવારે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૩ લોકોના મોત થયાના અહેવાલ છે. મૃતકો એક જ પરિવારના હોવાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર પતિ-પત્ની અને બાળકનું ઘટનાસ્થળે જ મોત થતાં ચકચાર મચી ગઈ છે. બનાવની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને પોલીસ તેમજ એમ્બ્યુલન્સને જાણ કરતા ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ત્રણેયને મૃત જાહેર કરાયા બાદ પોલીસે ત્રણેયના મૃતદેહોને નજીકની થરા રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડીને આકસ્મિક મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. મીડિયા રિપોર્ટ અનુસાર મૃતકોની ઓળખ પિતા વેરસીજી વરસંગજી ઠાકોર, માતા ભાનુબેન ઠાકોર અને પુત્રી તેજલ ઠાકોર તરીકે થઈ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે થરા પાસે નેશનલ હાઈવે પર બાઈક અને સ્વિફ્ટ કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં બાઈક સવાર પતિ-પત્ની અને પુત્રીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. અકસ્માતના પગલે લોકોનું ટોળું જમા થઈ ગયું હતું. બનાવને પગલે ઠાકોર સમાજમાં શોકનો માહોલ છે.

## ઘટાડો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલેક્ટરે રાજ્ય-કેન્દ્ર પુરસ્કૃત ધિરાણ યોજનાઓમાં બેંકો તેમના નકારાત્મક અભિગમમાં બદલાવ લાવે એટલુ જ નહિ પણ સમય-મર્યાદામાં આ અરજીઓનો નિકાલ થાય તેમ જણાવ્યુ હતુ.

બેંકોના વધતા જતા એન.પી.એ. તેમજ લોન વસુલાત માટે પણ જરૂરી પગલાં લેવાની તેમણે હિમાયત કરી હતી.

રિન્યુએબલ એનર્જીના પ્રોજેક્ટરોમાં પણ ધિરાણ અપાય તેવો આગ્રહ તેમણે કર્યો હતો. હાઉસીંગ અને શિક્ષણ લોન માટે પણ ધિરાણ કરવાના અભિગમમાં બેંકો બદલાવ લાવે તે જરૂરી હોવા પર ભાર મુક્યો હતો.

પ્રધાનમંત્રી જનધન યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજના, પ્રધાનમંત્રી જીવન સુરક્ષા યોજનાના અસરકારક અમલીકરણ પર ભાર મુકતાં કલેક્ટરે ૧૦૦ ટકા લક્ષ્યાંક પ્રાપ્ત થાય તે જોવા જણાવ્યુ હતુ. ગ્રામીણ વિસ્તારોમાં આ માટે કેમ્પોનું આયોજન કરવા પર ભાર મુક્યો હતો. બેંકિંગ જ્ઞાન લોકોમાં વધે તે જોવા પણ જણાવ્યુ હતુ.

## પાણીનો સપ્લાય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સપ્લાયના અંતે અંદાજે ૮ એમ એલ ડી ની ઘટ પ્રવર્તે છે. જયારે શુધ્ધિકરણ પ્લાન્ટની કામગીરીના લીધે આજે નવા સેકટરોમાં માંડ ૧૬ એમ એલ ડી જેટલો જ સપ્લાય આપી શકાયો હતો. જેના લીધે રહીશોના ઘરોમાં અન્ડર ગ્રાઉન્ડ ટાંકી અડધી પણ ભરાઈ ન હતી આ સ્થિતિ વચ્ચે બપોર બાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ઘણાં ઠેકાણે પાણીની પોકાર ઉઠવા પામી હતી. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ શુધ્ધિકરણ પ્લાન્ટને જોડાણ આપવાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. પરંતુ પ્લાન્ટ હજુ ચાલુ કરાયો નથી પરંતુ આ કામગીરીના અંતે હવે શહેરના નવા સેકટરોમાં ગુરુવારથી રાબેતા મુજબ સપ્લાય આપવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

## લીફ્ટ મુકવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાયુ છે. જે અન્વયે હાલ લીફટ વેલ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે .જો કે લાંબા સમયના અંતે આ પ્રોજેકટમાં ગતિ આવતી નથી હાલ એક ઠેકાણે લીફટ વેલ તૈયાર કરી દેવાયો છે. જયારે અન્ય ત્રણ જગ્યાએ લીફટ મુકવા માટે બ્લોક તૈયાર થઈ રહ્યા છે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર હાલ એક બ્લોકમાં લીફટની કામગીરી હાથ ધરવામાં આવી છે જયારે અન્ય ત્રણ બ્લોકને અનુલક્ષીને ટુંકમાં જ લીફટ મુકવાનુ કામ શરૂ કરી દેવાશે જયારે જુના સચિવાલયમાં લીફટની સુવિધા ઉભી કરવા માટે અંદાજિત રૂ ૧.૨૦ કરોડનો ખર્ચ કરાશે. લીફટની સાથે જુના સચિવાલયમાં પાર્કીંગની પણ યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તેવી માંગ ઉઠવા પામી છે. આ સ્થિતિ વચ્ચે જુના સચિવાલય સંકુલમાં નવા બ્લોક બાંધવા માટે પણ કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. જેના અંતે પાર્કીંગની સુવિધા પણ અપગ્રેડ થશે તેમ મનાઈ રહ્યુ છે.

## મહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડાયરેક્ટર બિક્રમ સિંહે વરસાદ દરમિયાન મુસાફરી ટાળવાની અપીલ કરી છે. દરમિયાન ઉત્તરાખંડ પ્રશાસન ભારે વરસાદને જોતા એલર્ટ પર છે.

અધિક પોલીસ મહાનિર્દેશક (એડીજી) કાયદો અને વ્યવસ્થા, વી મુરુગેસને જણાવ્યું છે કે સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ) અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) ની ટીમો અમરનાથ યાત્રાના રૂટ પર તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે.

''એસડીઆરએફ અને એનડીઆરએફ સંપૂર્ણ એલર્ટ પર છે અને તેમને કોઈપણ સંભવિત ઘટનાનો સામનો કરવા માટે તેમને સૂચનાઓ આપવામાં આવી છે,'' એમ એડીજીએ જણાવ્યું હતું. રાજ્યભરમાં ભારે વરસાદને જોતા હવામાન વિભાગે રાજ્યના આઠ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ ગુરુવાર સુધી મુંબઈ અને થાણે જિલ્લાઓ માટે યલો એલર્ટ જાહેર કર્યુ છે, જ્યારે પાલઘર અને રાયગઢ જિલ્લાઓ માટે સમાન સમયગાળા માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. મુંબઈમાં બુધવારે છૂટાંછવાયાં સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ પડવાની ધારણા છે.

## ઈસરોએ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાગરૂકતા કાર્યક્રમ તરીકે કલ્પના કરવામાં આવી છે. સ્ટાર્ટપ્રોગ્રામમાં પૃથ્વી અને પૃથ્વી નજીકના સ્પેસ, સૌરમંડળ સંશોધન, સ્પેસ મિશન ડિઝાઈન અને અવલોકન, અંતરિક્ષ હવામાન, તુલનાત્મક ગ્રહ વિજ્ઞાન, એસ્ટ્રોફિઝિક્સ અને કોસ્મોલોજી પર પણ લેકચરનો સમાવેશ કરાશે. કોઈપણ સંસ્થાના વિદ્યાર્થીઓ અથવા સામાન્ય ઉત્સાહીઓ આ કાર્યક્રમ માટે https://elearning.iirs.gov.in/edusatregistration/studen લિંક પર જઈને નિઃશુલ્ક રજીસ્ટ્રેશન કરાવી શકે છે. રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૧૫મી જુલાઈ છે.

આ કાર્યક્રમમાં ઈસરોના ઈ-કલાસ પ્લેટફોર્મ https://eclass.iirs.gov.in દ્વારા ૨થી ૩ અઠવાડિયા સુધી દરરોજ ૨-૩ કલાકના લેકચર હશે.

આ લેકચર ઈસરોઅને અંતરિક્ષ વિભાગના વૈજ્ઞાનિકો અને ભારતીય વિજ્ઞાન સંસ્થાન અને ભારતીય ખગોળ ભૌતિકશાસ્ત્ર સહિતની અગ્રણી સંસ્થાઓ દ્વારા આપવામાં આવશે. ઈસરોએ આ કાર્યક્રમ માટે નોડલ કેન્દ્રો તરીકે ૨૮૦થી વધુ સંસ્થાઓને મંજૂરી આપી છે. આ સંસ્થાઓના વિદ્યાર્થીઓ પરીક્ષાઓ અને લાયકાત પ્રમાણપત્રો માટે યોગ્ય બનવા માટે તેમની સંસ્થા દ્વારા સ્કોલ-સેલેક્ટ કરી શકે છે અને નોંધણી કરાવી શકે છે.

## ચોમાસુ સત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સાથે સંસદના ઉપલા ગૃહ રાજ્યસભાની ૧૦ બેઠકો ખાલી થઈ રહી છે. આ બેઠકો માટે ૨૪ જુલાઈએ ચૂંટણી યોજાશે. જેમાં પશ્ચિમ બંગાળની ૬, ગુજરાતની ૩ અને ગોવાની એક બેઠકનો સમાવેશ થાય છે. પશ્ચિમ બંગાળમાં, ડેરેક ઓ'બ્રાયન, ડોલા સેન, પ્રદીપ ભટ્ટાચાર્ય, સુષ્મિતા દેવ, શાંતા છેત્રી અને સુખેન્દુ શેખર રેનો કાર્યકાળ ૧૮ ઓગસ્ટ સુધીમાં સમાપ્ત થાય છે.

તે જ સમયે, ગુજરાતમાંથી વિદેશ પ્રધાન એસ જયશંકર, દિનેશ જેમલભાઈ અનાવડિયા અને લોખંડવાલા જુગલ સિંહ માથુરજીનો કાર્યકાળ ૧૮ ઓગસ્ટે સમાપ્ત થઈ રહ્યો છે. વિદેશ પ્રધાન એસ જયશંકરને ફરી ગુજરાતમાંથી ઉમેદવાર બનવવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જ્યારે ગોવામાંથી વિનય તેંડુલકરનો કાર્યકાળ ૨૮ જુલાઈએ પૂરો થશે.

આ તમામ સીટો માટે નોમિનેશનની તારીખ ૧૩ જુલાઈ છે. ગુજરાતમાં રાજ્યસભાની જે ૩ બેઠકો પર ચૂંટણી યોજાશે તે સંપૂર્ણ રીતે ભાજપનું વર્ચસ્વ હશે. કારણ કે ગુજરાત વિધાનસભામાં વિપક્ષ ખુબજ નબળી સ્થિતિમાં છે, આવી સ્થિતિમાં ત્રણેય બેઠકો પર ફરીથી ભાજપની જીત નિશ્ચિત છે. આવી સ્થિતિમાં પાર્ટી વિદેશ પ્રધાન એસ જયશંકરને ફરીથી રાજ્યસભા મોકલશે તેવી ચર્ચા છે. અન્ય બે બેઠકો પર ફેરફાર થઈ શકે છે.

## તુવેર દાળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

(એનસીસીએફ) ને તુવર દાળની ઉપલબ્ધતા વધારવા માટે યોગ્ય મિલમાલિકો વચ્ચે ઓનલાઈન હરાજી દ્વારા તુવર દાળનું વેચાણ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. અને તે પછી દાળ ગ્રાહકોને મળે તે માટે સૂચના આપવામાં આવી હતી.